અપીલ અરજી નં.૨૧૭ તા.૧૨–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમણભાઈ છોટુભાઈ પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમણભાઈ છોટુભાઈ પટેલની તા.૧૬–૯–૧૦ની અરજીથી (૧) ઈસ્યુ કરવામાં આવેલ જન્મનો દાખલો શાના આધારે બનાવવામાં આવેલ છે? તથા તેમાં નામ દાખલ શાના આધારે કરવામાં આવેલ છે? (૨) સદરહુ જન્મના દાખલા બાબત દફતરે જે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ હોય તો તે તમામની ઝેરોક્ષ નકલ સહિતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૨–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૧૭/૨૦૧૦–૧૧

શ્રી રમણભાઈ છોટુભાઈ પટેલની તા.૧૬–૯–૧૦ની અરજીથી (૧) ઈસ્યુ કરવામાં આવેલ જન્મનો દાખલો શાના આધારે બનાવવામાં આવેલ છે? તથા તેમાં નામ દાખલ શાના આધારે કરવામાં આવેલ છે? (૨) સદરહુ જન્મના દાખલા બાબત દફતરે જે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ હોય તો તે તમામની ઝેરોક્ષ નકલ સહિતની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર વનં.વેસ્ટઝોન/આરટીઆઈ/૪૧૫ તા.૧૧–૧૦–૧૦ થી આપેલ માહિતી સંતોષકારક આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં દફતર નહીં હોવા અંગે આધાર નાશ– નિકાલ ની વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૪ તા.૧૮–૧૦–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની આઈ ડી નં.૨૪૦ તા.૧૬–૯–૧૦ નની અરજીથી માહિતી માંગતી અરજી પશ્ચિઝોન રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. અરજદારે રજૂ કરેલ જન્મના દાખલાની ઝેરોક્ષ મુજબનો જન્મનો દાખલો ઈસ્યુ કરવામાં આવેલ છે કે જેમાં નામઃ– મુકેશકુમાર, જન્મની તારીખઃ–૨૪–૯–૬૫, માતાનું નામઃ– પ્રેમીલાબેન,માતા/પિતાનું નામઃ– મંદિર મહોલ્લો, નોંધણી ક્રમાંક ૪૫૩, પિતાનુ નામઃ– રતિલાલ ડાહયાભાઈ કંથારીયા, આ વિગત સાથે તમારા દફતરેથી જન્મનો દાખલો ઈસ્યુ કરવામાં આવેલ છે જેથી તે જન્મનો દાખલો શાના આધારે બનાવવામાં આવેલ છે તથા તેમાં નામ દાખલ શેના આધારે કરવામાં આવેલ છે તથા સદરહુ જન્મના દાખલા બાબત આપ સાહેબના દફતરે જે કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલ હોય તો તે તમામની ઝેરોક્ષ નકલ સહિતની તમામ માહિતી દસ્તાવેજી પુરાવાની માહિતી માંગવામાં આવેલ. અરજદારે માહિતી માંગતી અરજી સાથે તા.૨૧–૧૧–૯૫ ના રોજ વેસ્ટઝોન ખાતેથી ઈસ્યુ થયેલ મુકેશકુમારના જન્મના દાખલાની નકલ રજૂ કરેલ છે. જન્મ નોંધણીનો રેકર્ડ તેના રજીસ્ટરમાં નિયત કોલમમાં નોંધણી કરવામાં આવે છે. તે પૈકી ઉપલબ્ધ દફતરી માહિતી અરજદારને આપી શકાય. નોંધણી માટે રજૂ થયેલ પુરાવા જે દફતર નિભાવણી નિયમોનુસાર નાશ કે નિકાલ કરેલ ન હોય તો ઉપલબ્ધ દફતરેથી આપવા યોગ્ય થાય. અત્રે એ પણ સૂચક છે કે માહિતી માંગનાર અરજદાર જન્મ નોંધણીમાં નિર્દિષ્ટ નામ પૈકીના જણાતા નથી તેથી ત્રાહિત વ્યકિત બને. પરંતુ જન્મ નોંધણી દસ્તાવેજ જાહેર સ્ત્રોત હેઠળનો ધ્યાને લેતાં તે પૈકીની વિગત આપી શકાય. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પશ્ચિમઝોન/આરટીઆઈ સેલ/ ૪૧૫ તા.૧૧–૧૦–૧૦ થી ઈસ્યુ કરવામાં આવેલ જન્મનો દાખલો શાના આધારે બનાવવામાં આવેલ છે ? તથા તેમાં નામ શાના આધારે દાખલ કરવામાં આવ્યા છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " આપવામાં આવેલ જન્મનો દાખલો મહાનગરપાલિકાના જન્મ નોંધણી રજીસ્ટરના ક્રમાંક નં.૪૫૩ મુજબ નામ સહિત આપવામાં આવેલ છે તથા બાળકના જન્મની નોંધણી જન્મ રજીસ્ટરમાં થયેલ હોય અને તે જન્મ નોંધણી રજીસ્ટરમાં બાળકનું નામ દાખલ ન હોય તો બાળકનું નામ દાખલ કરાવવા માટે નિયત કરેલ ફોર્મ ભર્યેથી નામ દાખલ કરવામાં આવે છે. " તથા મુદ્દા નં. ૨ માં સદરહુ જન્મના દાખલા બાબતે દફતરે જે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ હોય તો તેની માહિતી અંગે " માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી " તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી તા.૧૨–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે અને દફતરી પુરાવાની માંગણી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી દફતર નહીં હોવા અંગે આધાર અને નાશ નિકાલની વિગતો માંગવામાં આવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી તેવી કોઈ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૯–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે માહિતીનો રેકર્ડ ઉપલબ્ધ ન હોવા બાબતે તેના નાશ કે નિકાલ બાબતેની અરજદારને કોઈ માહિતી પૂરી પાડેલ ન હોઈ તેવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અન્યથા જન્મ નોંધણી રજીસ્ટર પૈકી અને ઉપલબ્ધ દફતર પૈકી તેવી માહિતી જરૂર જણાયે અરજદારને તપાસણીની તક પૂરી પાડી વિના મૂલ્યે પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ..જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમણભાઈ છોટુભાઈ પટેલ,